પંચાયતીરાજ સંસ્થાઓના નાણાંકીય આવકના
સાધનો સંગીન બનાવવા માટે ૧૧માં
નાણાંપંચનીભલામણો અન્વયે સહાયક અનુદાન
આપવા બાબત

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:કનપ:૧૦૨૦૦૧-૮૪૭-બ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૬-૩-૨૦૦૨

વંચાણે લીધા :
(૧) ભારત સરકારના નાણામંત્રાલયનોતા.૬-૬-૨૦૦૧નો અ.સ.પત્રક્રમાંક:૧૬(૪)/આરડી/૨૦૦૦
(૨) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા.૧૯-૬-૨૦૦૧નો પત્રક્રમાંક:ઈએફસી/૨૦૦૧/જીઓ/૧૩/એફ

ઠરાવ :

કેન્દ્રીય ૧૧મા નાણાંપંચની ભલામણ અનુસાર રાજ્ય સરકારની પંચાયતો માટે ૨૦૦૦-૨૦૦૫ના ગાળા માટે વાર્ષિક રૂ.૬૯.૬૧ કરોડ પ્રમાણે કુલ રૂ.૩૪૮.૦૫ કરોડની ફાળવણી કરવાનું કેન્દ્ર સરકારે સ્વીકારેલ છે. સદરહુ રકમમાંથી ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના હિસાબોની જાળવણી માટેરૂ.૫.૪૯૨૪ કરોડની જોગવાઈકરવામાં આવી છે. તેમજ પંચાયતોની નાણાંકીય સ્થિતિનો ડેટાબેઝ તૈયાર કરવા માટે રૂ.૧૦.૯૬૮૬કરોડનીજોગવાઈ કરવામાં આવી છે. બાકીની રકમ પંચાયતો દ્વારા પુરી પાડવામાં આવતી નાગરિક સેવાઓની જાળવણી માટે કરવાની રહેશે.

કેન્દ્ર સરકાર તરફથી મળનાર અનુદાનની રકમની પંચાયોતોને ફાળવણી તેમજ તેનો ઉપયોગ નીચેની શરતોને આધિન રહેશે.

(૧) મંજૂર થયેલ સહાયક અનુદાનની રકમ રાજ્ય આયોજન પ્રભાગ દ્વારા જિલ્લા આયોજન મંડળોને અપાયેલ ભારાંક અને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની ટકાવારીને અનુલક્ષીને જિલ્લાવાર સહાયક અનુદાન ટકાવારીમાં જણાવ્યા પ્રમાણે ફાળવવાનીરહેશે. જે અનુસુચિ-૧ તરીકે સામેલ છે.

(૨) આઅનુદાનનો ઉપયોગ નાગરિક સેવાઓની જાળવણી માટે કરવાનો રહેશે. આ સેવામાં શુદ્ધ પીવાનું પાણી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક આરોગ્યની જાળવણી અને સામૂહિક વિકાસના અન્ય હેતુઓ માટે કરવાોન રહેશે. સામહિક વિકાસના કામોમાં શુદ્ધ પીવાના પાણી માટેની યોજના, આંતરિક એપ્રોચ રસ્તા, સ્ટ્રીટ લાઈટની સુવિધા, પ્રાથમિક શાળાના ઓરડા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો, નાની સિંચાઈના કામો, જળસંચય યોજના, ગ્રામ પંચાયત ઘર, સ્મશાન ગૃહ / કબ્રસ્તાન, સેનીટેશનની યોજના વગેરે કામોનો સમાવેશ થાય છે.

(૩) કેન્દ્રીય સહાય અનુદાનમાટે૨૫ ટકા મેચીંગ ગ્રાન્ટની રકમ પંચાયતોએ લોકફાળા દ્વારા કે સ્વભંડોળમાંથી ફાળવવાની રહેશે. જ્યાં પંચાયતોની આર્થિક સ્થિતિ નબળી હોય અને લોકફાળો કે સ્વભંડોળમાંથી ખર્ચ કરવો શક્ય ન બને તેવા સંજોગોમાં રાજ્ય સરકાર મેચીંગ ગ્રાન્ટનો ફાળો આપી શકશે. રાજ્ય સરકારના આયોજન હેઠળના વિકાસના કામો જે આ ઠરાવની શરતોને અનુરૂપ હોય તેવા કામો પણ મેચીંગ ગ્રાન્ટના હેતુ માટે ગણતરીમાં લઈ શકાશે.

(૪) રાજ્ય નાણાંપંચની ભલામણ અનુસાર રાજ્યના ટેક્ષના ભાગરૂપે મળેલ રકમ મેચીંગ ગ્રાન્ટ તરીકે ગણી શકાશે નહીં.

(૫) ભારત સરકારે કે રાજ્ય સરકારની અન્ય યોજના / સાધનોમાંથી ખર્ચ કરવામાં આવ્યો હોયતેવા કામો માટે આ રકમ વાપરી શકાશે નહીં. એટલે કે કો યોજનાનો ખર્ચ બેવડાય નહીં તે જોવાનું રહેશે. આઅંગેનું પ્રમાણપત્ર જિલ્લાનાસંબંધિત અધિકારી આપવાનું રહેશે.

(૬) આ અનુદાનની ફાળવણી ચૂંટાયેલી ગ્રામ પંચાયતો અને સમરસ ગ્રામ યોજના હેઠળ સર્વસંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોના ગામોને કરવાની રહેશે. દશમા નાણાંપંચના અનુદાનનો લાભ જે ગામોનેન મળ્યો હોય તેવા ગામોને પ્રથમ અગ્રતા

આપવાની રહેશે. જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોના પછાત વિસ્તારો અને વધુ પ્રમાણમાં પછાત લોકો રહેતા હોય તેવા વિસ્તારોનાં કામો માટે અગ્રતા આપવાની રહેશે.

(૭) કોઈપણ વિકાસનું કામ / યોજના મેચીંગ ગ્રાન્ટ સહિત રૂા.૨૦ લાખથી વધુ રકમનું હોવું જોઈએ નહીં.

(૮) આ યોજના તળે હાથ ધરવાનાં કામોની વહીવટી મંજુરી ગ્રામ પંચાયતોએ સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીન લેવાની રહેશે. જ્યારે તાલુકા પંચાયતો અનેજિલ્લા પંચાયતોએ હાથ ધરવાના કામોમાં વિકાસ કમિશ્નરશ્રીની મંજુરી લેવાની રહેશે. આકામોના અમલીકરણ માટેની નિયત પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૯) એક જિલ્લાને મંજૂર થયેલ અનદાનનો કોઈપણ હિસ્સો બીજા જિલ્લાનેતબદીલ કરી શકાશે નહીં.

(૧૦) બિન અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીની તંગી માટે ગ્રામ / તાલુકા / જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ઠરાવના આધારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંબંધિત નવું કામ પીવાના પાણીના હેતુ માટે જેવું કે નવીન હેન્ડ પંપ, બોર, ઊંચી ટાંકીઅને પંપ અન્ય કોઈ પીવાના પાણીની બાબતનીનવી કામગીરી હાથ ધરી શકશે. આ કામો માટે વિકાસ કમિશ્નરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે. આ માટે જરૂરી તાંત્રિક મંજૂરી પાણી પૂરવઠા બોર્ડના જિલ્લા માટેના સંબંધિત અધિકારીઓ આપશે. પાણી પૂરવઠા અંગેની હાલની યોજના કે સાધનોની મરામત માટે (રીપેરીંગ માટે) કોઈ ખર્ચ કરી શકાશે નહીં.આ કામો માટે સ્વખર્ચના ૨૫ ટકા નાણાં ગુજરાત પાણી પૂરવઠા બોર્ડે ચૂકવવાના રહેશે અને તે અંગેની વિગતો જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પુરી પાડવાનીરહેશે. કોઈ એક કામ માટે સરકારશ્રીના અન્ય સાધનોમાંથી ખર્ચ પાડવામાં આવ્યો હોય ત્યાં આ રકમ વાપરી શકશે નહીં. આ ખર્ચ બેવડાય નહી તે અંગેનું પ્રમાણપત્ર જિલ્લાના પાણી પૂરવઠા બોર્ડના સંબંધિત અધિકારીશ્રીએ આપવાનું રહેશે.

(૧૧) જિલ્લા પંચાયતે અનુદાનની આ રકમ પીએલએમાં રાખવાની રહેશે તથા તેના હિસાબો અલગ રીતેસંપૂર્ણપણે નિભાવવાના રહેશે.

(૧૨) આ યોજના તળે નવીન પાકા અને ટકાઉ કામો હાથ ધરવાના રહેશે, અને થયેલ કામોને સંબંધિત પંચાયતના મિલકત રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૩) આ અનુદાનમાંથી કર્મચારીઓના પગાર-ભથ્થા આકસ્મિક ખર્ચ, સ્ટેશનરીખર્ચકે પ્રવાસ ભથ્થા જેવા અન્ય કામો માટે ખર્ચ કરી શકાશે નહીં. આ અનુદાનનો ઉપયોગ ફક્ત સામુહિક વિકાસના કામો માટે જ કરી શકાશે.

(૧૪) પંચાયતોનું ઓડિટ લોકલ ફંડ ઓડિટ વિભાગ દ્વારા કરવામાં આવે છે તેમણે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ટેકનીકલના સુપરવીઝનઅને સલાહ મુજબ કામગીરી કરવાની રહેશે.

(૧૫) ડેટાબેઈઝ તૈયાર કરવાની જવાબદારી લોકલ ફંડ ઓડિટ વિભાગની રહેશે. કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ દ્વારા નિયત થયેલ નમૂનામાં સદર ડેટા મેળવવાના અને તેની ખતવણી કરવાનીરહેશે. પંચાયતોની નાણાંકીય સ્થિતિને લગતો આ ડેટાબેઇઝ જિલ્લા કક્ષાએ, રાજ્યકક્ષાએ અને કેન્દ્ર કક્ષાએ કોમ્પ્યુટરદ્વારા નિભાવવાનો રહેશે. જેથી આ માહિતી (V-SAT) દ્વારા થઈ શકે આ ડેટાબેઈઝ તેમજ હિસાબોની નિભાવણી માટેનીઆ અંગેનીકેન્દ્ર સરકારની ગાઈડ લાઈનમુજબ નિયામકશ્રી હિસાબ અને તિજોરીના તાબાના લોકલ ફંડ ઓડિટ વિભાગે વિકાસ કમિશ્નરશ્રીની દોરવણી હેઠળ કામગીરી કરવાની રહેશે અને આ અંગેની ગ્રાન્ટની ફાળવણી પણ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા કરવાની રહેશે.

(૧૬) આ યોજના હેઠળના કામોના સંકલન માટે અને કામોના નિરીક્ષણ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે નીચે મુજબની રાજ્યકક્ષાની સમિતિ રચવામાં આવે છે. આ સમિતિના સભ્યો તરીકે સર્વશ્રી...

- અગ્ર સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ
- સચિવશ્રી (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણઅને ગ્રામ વિકાસ વિભાગ)
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગ
- મુખ્ય ઈજનેર, ગુણવત્તા નિયમન, માર્ગ અને મકાન વિભાગ
- મુખ્ય ઈજનેર, ગુણવત્તા નિયમન,જળસંપત્તિ વિભાગ
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર....
- નાયબ સચિવશ્રી (બજેટ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર રહેશે.

(૧૭) આ યોજના હેઠળ વર્ષના અંતે થયેલ ખર્ચ અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિકાસ કમિશ્નરશ્રીને રજૂ કરવાનું રહેશે. વિકાસ કમિશ્નરશ્રી દ્વારા આ અંગેનું એકત્રિત ઉપયોગીતા પ્રમાણપત્ર રાજ્ય સરકારક્ષશ્રીને રજૂ કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર : ૭૦ બજેટ સદર-૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ-૮૦૦- અ-ખર્ચ

(૧૧) ૧૧મા નાણાં પંચયની ભલામણોઅન્વયે પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બાવવાના કેન્દ્રિય સહાયની ચૂકવણી (આયોજન)ખાતે ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૮-૨-૨૦૦૨ના રોજ મળે સંમિતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે

(જશવંત ગાંધી)
નાયબ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિધાનસભાના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી
- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (પંચાયત)ના અંગતસચિવશ્રી
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે સંસદસભ્યશ્રીઓ,
- ગુજરાત રાજ્યનાસર્વે ધારાસભ્યશ્રીઓ
- સમિતિના સર્વે સભ્યો (પત્ર દ્વારા)
- અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, પાણી પૂરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, (ગ્રામવિકાસ) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નર્મદાજળસંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/મદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- સર્વે સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સર્વે શાખાઓ નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય ગાંધીનગર
- પસંદગી ફાઈલ

અનુસુચિ-૧

| | જિલ્લાનું નામ | સહાયક અનુદાનની ટકાવારી |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૪.૫૮ |
| ૨. | અમરેલી | ૩.૮૧ |
| ૩. | કચ્છ | ૩.૯૫ |
| ૪. | ખેડા | ૪.૩૨ |
| ૫. | આણંદ | ૩.૫૪ |
| ૬. | ગાંધીનગર | ૨.૮૨ |
| ૭. | જામનગર | ૩.૮૯ |
| ૮. | જુનાગઢ | ૪.૫૩ |
| ૯. | પોરબંદર | ૦.૮૪ |
| ૧૦. | ડાંગ | ૨.૪૪ |
| ૧૧. | પંચમહાલ | ૪.૪૨ |
| ૧૨. | દાહોદ | ૬.૪૨ |
| ૧૩. | બનાસકાંઠા | ૫.૬૧ |
| ૧૪. | ભરૂચ | ૩.૯૦ |
| ૧૫. | રાજપીપળા (નર્મદા) | ૨.૨૦ |
| ૧૬. | ભાવનગર | ૪.૧૨ |
| ૧૭. | મહેસાણા | ૩.૮૨ |
| ૧૮. | પાટણ | ૨.૯૩ |
| ૧૯. | રાજકોટ | ૪.૧૪ |
| ૨૦. | વડોદરા | ૫.૯૩ |
| ૨૧. | વલસાડ | ૩.૬૦ |
| ૨૨. | નવસારી | ૩.૨૩ |
| ૨૩. | સાબરકાંઠા | ૪.૪૦ |
| ૨૪. | સુરત | ૭.૪૧ |
| ૨૫. | સુરેન્દ્રનગર | ૩.૧૫ |
| | કુલ | ૧૦૦.૦૦ |